કાન્તિ ભટ્ટ

# હવે રિયલ નહીં પણ કચકડાના હીરો છે.

સર શમા સો કટાઇએ પર દમ ન મારીએ
મંઝિલ હઝાર સખ્ત હો હિમ્મત ન હારિએ
-આતિશ

એનું નામ હેરોલ્ડ રસેલ. તે ફિલ્મનો હીરો તો હતો જ પણ તે ખરેખર બીજા વિશ્વયુદ્ધનો સાચો સોલ્જર-હીરો હતો. હિટલર સામેના યુદ્ધમાં ફ્રાન્સના નોર્મેન્ડી બીચમાં હેરોલ્ડ રસેલ અને બીજા બે સોલ્જરો અનેક જર્મનોને મારીને માંડ માંડ જીવતા પાછા ફરેલા. ૧૯૪૪માં હેરોલ્ડ રસેલ મોરચેથી પાછા ફર્યો ત્યારે યુદ્ધમાં તેના બંને હાથ કપાઇ ગયા હતા. આ ત્રણ સોલ્જરો ૫૮ વર્ષ પહેલાં અમેરિકામાં સાચા હીરો હતા અને તેમની બહાદુરીની નોંધ લઈને વિલિયમ વાયલર નામના લેખકે એક ફિલ્મની સ્ક્રિપ્ટ લખી. તેના પરથી ‘ ધ બેસ્ટ યર્સ ઑફ અવર લાઇવ્ઝ‘ નામની ફિલ્મ બની હતી. તેમાં રિયલ હીરોનું પાત્ર લેવાનું હતું હેરોલ્ડ રસેલ જે હજી ચાર મહિના પહેલાં(જાન્યુઆરી ૨૦૦૨) જ ગુજરી ગયા તેને ફિલ્મમાં રિયલ સોલ્જર તરીકે લીધો. તેને બહાદુર નૌકા કેપ્ટનનો રોલ આપવામાં આવ્યો. જ્યારે રસેલ બીજા વિશ્વયુદ્ધમાંથી ખરેખર પાછો ફર્યો ત્યારે હેરોલ્ડ રસેલને બે જાતની શંકા ઘેરી ખાતી હતી. શું આ ઠૂંઠા સૈનિકને તેની ગર્લફ્રેન્ડ હજીય પ્રેમ કરશે ? શું તેને રોજગારી મળશે ? આ બંન્ને શંકા ખોટી પડી. તેની પ્રેમિકા હજીય તેને ચાહતી હતી અને અમેરિકા તેના પર મુગ્ધ હતું. વળી વિલિયમ વાયરલની ફિલ્મમાં ઠૂંઠા હાથવાળા નૌકા કેપ્ટનના રોલ માટે કોઇ મેક-અપ કરવાની જરૂર નહોતી. ઠૂંઠા હાથ બનાવવા તેના હાથ બાંધવાના નહોતા. એ યુદ્ધનો હીરો બન્યો અને ફિલ્મનો પણ હીરો બન્યો. ઑસ્કર એવોર્ડના એક સમારંભમાં તેનું બહુમાન થયું હતું.

આજે આવા હીરો છે ? ભારતમાં નથી અને અમેરિકામાંય નથી તેથી અપણે કચકડાના ભગતસિંહ અને કચકડાના કાશ્મીરના યુદ્ધના હીરો જોઇએ છીએ.

ડેવિડ ગ્રોસમેન નામના નવલકથાકારે જાન્યુઆરી, ૨૦૦૨માં એક નવલકથા લખેલી ’બી માય નાઇફ’ તેમાં એક વાક્ય વાપર્યું છે. ઇનફ, આઇ એમ સિક ઑફ માસ્ટરબેટિંગ વિથ વર્ડઝ-હું આ શબ્દમૈથુનથી થાકી ગયો છું. હવે નક્કર કંઇક કરવું જોઇએ.

સાયમન હાયફરે લંડનના ’સ્પેક્ટેટર’ના ૯-૨-૨૦૦૨ના અંકમાં લખ્યું છે કે આપણે બહાદુરીનો અને હીરોપદનો અખત્યાર બીજાને સોંપ્યો છે. કોને સોંપ્યો છે ? કચકડાને હીરોને. કારણ કે હવે રિયલ હીરો રહ્યા નથી. આપણે અમેરિકાની ઘણી ચીજો અપનાવી છે તેમાં આ કચકડાના હીરો અમેરિકનોને ગમે છે તેટલા આપણનેય ગમે છે. ૧૧-૦૯-૨૦૦૧ના ભયંકર આતંકવાદ પછી અને એ પહેલાં અમેરિકનો વિયેતનામાંથી ઊભી પૂંછળીએ નાઠા પછી પણ એક પણ રિયલ અમેરિકન હીરો કોઇ આરબ સામે હાથોહાથ લડ્યો નથી.. પણ વિયેતનામના પછાડ અને ૧૧ સપ્ટેબરના લબાડ પછી હૉલીવુડે હીરોની બહાદુરીવાળી ફિલ્મો ઉતારવા માંડી છે અને જે અમેરિકન પ્રજાના હાંજા ગગડી ગયાં તેને કચકડાના હીરોથી હૉલીવુડવાળા રાજીના રેડ કરવા માંડ્યા છે.

સિલ્વેસ્ટર સ્ટેલોનની ’રૅમ્બો’ ફિલ્મ વિયેતનામ પછી ઊતરી. તે રૅમ્બોમાં સિલ્વેસ્ટર સ્ટેલોન કચકડાનો હીરો બને છે. આ સિલ્વેસ્ટર સ્ટેલોનને કેન્સ ફિલ્મ ફેસટિવલમાં નિમંત્રણ મળ્યું. સિલ્વેસ્ટર સ્ટેલોન જે કચકડાનો બહાદુર રેમ્બો હતો તે ફિલ્મ ફેસટિવલમાં ગયો નહીં. તેણે કહ્યું. ’ત્યાં ટેરરિસ્ટો ખાબકે તો ?

૧૧-૯-૨૦૦૧ના આતંકને દિવસે જ્યોર્જ બુશ ગોત્યા જડતા નહોતા. સાઇમન હીફર નામના બ્રિટિશ લેખક કટાક્ષ કરીને કહે છે કે ટ્વિન ટાવર પડ્યા પછી સુપર હીરોના ચાહક અમેરિકનોને ત્રણ મહિના સુધી વિમાનની સફર કરતા નહોતા. અમેરિકામાં બહાદુરી બતાવતા સોલ્જરોની ફિલ્મ ’ડાય હાર્ડ’ માં તેનો હીરો બ્રુસ વિલિસ ગજબની બહાદુરી કરતો હતો. એ બ્રુસ વિલિસ નામનો હીરો ૧૧-૯-૨૦૦૧ પછી વિમાનની સફર હજુય કરતો નથી.

આર્નોલ્ડ શ્વાર્ઝનેગરના બહાદુરીના સાહસવાળી ફિલ્મના નિર્માતા સ્ટીવ સુધર કહે છે કે ૧૧ સપ્ટેમ્બર પછી હવે મુસ્લિમ આફ્રિકન દેશમાં કોઇ એક્ટર આઉટડોર શૂટિંગ માટે આવવા તૈયાર નથી. આજે મોર્ડન વેપન્સની ટેક્નોલજીનો યાંત્રિક હીરો રહેવા પામ્યો છે. હવે અમેરિકન બાળકોને માત્ર બેટમેન અને સ્પાઇડરમેનના કાર્ટૂનહીરો રોમાંચિત કરે છે.

મહાકવિ હોમરે ૨૯૦૦ વર્ષ પહેલાં મહાકાવ્યમાં હીરો શબ્દ વાપરેલો. ગ્રીક ભાષામાં હેરોઝ શબ્દ છે. હીરો એટલે યોદ્ધો. જેણે અભૂતપૂર્વ બહાદુરી કરી હોય અને રાષ્ટ્રસંકટમાં બહાદુરી કરી હોય તે હીરો. આમાં ઉપર જયાં જયાં અમેરિકનો લખ્યું ત્યાં ત્યાં તમે ભારતીયો કે યુરાપિયનો લખી શકો. જયાં સુધી પાકિસ્તાન પર ભારત સંપૂર્ણ પ્રકારનું યુદ્ધ ન કરે ત્યાં સુધી.

અમેરિકામાં ઑગસ્ટ ૧૮૬૪માં આંતરિક યુદ્ધ લડાતું હતું ત્યારે અમેરિકન ઍડમિરલ દુશ્મનો સામે સૈનિક ટુકડી લઇને હુમલો કરતા હતા. તે વખતે અમુક સૈનિકોએ કહ્યું, 'દુશ્મનો પાસે ટોર્પિડો છે.' ત્યારે ઍડમિરલ ડેવિડ ગ્લાસગોએ કહ્યું: ટોર્પિડોનિ ઐસૌતૈસી, ચાલો મારી સાથે. ખાબકો.' આ ખરો હીરો હતો. આપણાં છેલ્લાં હીરો ઇન્દિરા ગાંધી હતાં એકવીસમી સદીમાં ઇઝરાયલાના એરિયલ શેરોન આતંકવાદ સામે લડનારા એકમાત્ર હીરો છે.